online


નોંધણી સર નિરીક્ષકની કચેરી ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સ્ટેમ્પ અને નોંધણી ભવન, બીજો માળ,"ખ-૫" સર્કલ પાસે, સેક્ટર -૧૪,

ગાંધીનગર-૩૮૨૦૧૬

ફોન નં: (૦૭૯) ૨૩૨૮૮૬૧૪, (૦૭૯) ૨૩૨૮૮૩૪૨


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ક્રમાંક/ઇજર/વહટ/૩૯/૨૦૧૦/ ૩૮૫૭૦ થી ૩૮૮૮૯ તા.૬/૧૨/૨૦૧૭

પ્રતિ,
સબ રજીસ્ટ્રારશ્રી તમામ
મારફત નોંધણી નિરીક્ષકશ્રી તમામ...

વિષય: દસ્તાવેજ નોંધણી અર્થે રજુ થાય ત્યારે દસ્તાવેજ લખી આપનાર, લખાવી લેનાર તથા ઓળખ આપનાર પોતે જ હોવાનું પ્રસ્થાપિત કરવા માટે ઓળખ અંગેના પ્રમાણિત પુરાવા મેળવવા બાબત

સંદર્ભ: (૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક:ઈજર/વહટ/૩૯/૨૦૧૦/૮૨૭૧ થી ૮૩૫૦, તા.૦૮/૦૬/૨૦૧૦.

(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક:ઈજર/વહટ/૩૯/૨૦૧૦/૧૪૪૯૬ થી ૧૪૮૬૩, તા.૧૭/૦૬/૨૦૧૪.

<u>પરિપત્ર:-</u>

આથી રાજ્યના તમામ સબ રજીસ્ટ્રારશ્રીઓને જણાવવામાં આવે છે કે દસ્તાવેજ નોંધણી માટે રજુ થાય ત્યારે દસ્તાવેજ લખી આપનાર, લખાવી લેનાર તથા ઓળખ આપનાર પોતે જ હોવાનું પ્રસ્થાપિત કરવા માટે તેમના ફોટો સાથેના ઓળખપત્રોના પ્રમાણિત પુરાવા લેવા માટે સંદર્ભ(૧) તથા (૨)વાળા પરિપત્રોથી સુચના આપવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીના એડમીનીસ્ટ્રેટીવ રીફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવેન્સીસ વિભાગ, ન્યુ દિલ્હીના તા.૧૦/૦૫/૨૦૧૩ના ઓફીસ મેમોરેન્ડમ નં.*K-11022/67/2012-AR* થી જણાવ્યા મુજબ ઉપરોક્ત પુરાવાઓ માટે ગેઝેટેડ અધિકારીશ્રીઓ કે નોટરીશ્રીઓની સહીથી પ્રમાણિત કરેલા પુરાવાઓનો ફરજીયાત આગ્રહ ન રાખતાં સ્વયંપ્રમાણિત (" *Self Attested* ") પુરાવાઓ લઈ શકાશે. આ માટે અસલ પુરાવાની ચકાસણી કરી દસ્તાવેજમાં જરૂરી શેરો કરી સબ રજીસ્ટ્રારશ્રીએ સહી કરવાની રહેશે.

નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

૧. નાયબ સચિવશ્રી (સ્ટેમ્પ), મહેસુલ વિભાગ, હ-૧ શાખા, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ

નકલ રવાના :-

૧. નોંધણી નિરીક્ષકશ્રી તમામ.

૨. નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, તમામ (મારફત નોંધણી નિરીક્ષકશ્રી )

૩. મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રી તમામ

૪. હિસાબી અધિકારીશ્રી ઇ.જ.ર કચેરી

૫. કચેરીની તમામ શાખાઓ તરફ